RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

Volume : 18
Issue : 211
Dt.: 13-04-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa



# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

### સિંગર આશા ભોંસલેના નિધનથી સંગીત જગતમાં શોકનું મોજું

# સૂરોની મલ્લિકા અને દિગ્ગજ ગાયિકા આશા ભોંસલેનું ૯૨ વર્ષની વયે નિધન

## મલ્ટી-ઓર્ગન ફેલ્યોરના કારણે આશાજીનું નિધન થયું: આશા ભોંસલેના અંતિમ સંસ્કાર આજે સાંજે ૪ વાગ્યે શિવાજી પાર્કમાં કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

હિન્દી સિનેમા જગતમાંથી એક ખૂબ જ દુખદ સમાચાર સામે આવ્યા છે. સૂરોની મલ્લિકા અને દિગ્ગજ ગાયિકા આશા ભોંસલે હવે આપણી વચ્ચે રહ્યા નથી. મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં આશા ભોસલેએ અંતિમ શ્વાસ લીધા હતા. ગાયિકાના નિધનના સમાચાર સામે આવતા જ સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સેલેબ્સ અને ચાહકોની આંખો નમ છે.

પ્રખ્યાત પાર્શ્વ ગાયિકા આશા ભોસલેના પુત્ર આનંદ ભોસલેએ જણાવ્યું છે કે તેમના અંતિમ દર્શન લોઅર પરેલ સ્થિત તેમના નિવાસસ્થાને થશે. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, "મારી માતાનું આજે અવસાન થયું છે. લોકો આવતીકાલે સવારે ૧૧:૦૦ વાગ્યે લોઅર પરેલ સ્થિત કાસા ગ્રાન્ડે માં તેમના અંતિમ દર્શન કરી શકે છે, જ્યાં તેઓ રહેતા હતા. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે સાંજે ૪ વાગ્યે શિવાજી પાર્કમાં કરવામાં આવશે."તેમના મોટા બહેન, ભારત રત્નથી સન્માનિત લતા મંગેશકરના અંતિમ સંસ્કાર પણ ૨૦૨૨માં શિવાજી પાર્કમાં જ કરવામાં આવ્યા હતા. આશા ભોસલેના નિધન પર ડો. પ્રતીત સમદાનીએ જણાવ્યું, આ ખૂબ જ દુઃખદ છે કે આશા ભોસલેજીનું આજે નિધન થયું. તેમને ઘણી તબીબી સમસ્યાઓ હતી અને મલ્ટી-ઓર્ગન ફેલ્યોરને કારણે તેમનું નિધન થયું. તેમણે વધુમાં કહ્યું કે, અત્યંત થાક અને છાતીમાં ઈન્ફેક્શનને કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં મલ્ટિ-ઓર્ગન ફેલ્યોર (શરીરના વિવિધ પ્રકારના અંગો કામ કરતા બંધ થઈ જવા) થવાને કારણે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આશાજીના નિધનના સમાચાર મળતા જ સંગીતકારો, બોલિવૂડ હસ્તીઓ અને રાજકીય નેતાઓમાં શોકની લહેર ફરી વળી છે. તેમના જવાથી ભારતીય સંગીત જગતમાં જે ખાલીપો પડ્યો છે તે ક્યારેય પૂરી શકાય તેમ નથી.

નોંધનિય છે કે, આજે સવારે જ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દિગ્ગજ ગાયિકા આશા ભોસલેના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

પીએમ મોદીએ X (અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કરીને લખ્યું હતું - "આશા ભોસલે જીના હોસ્પિટલમાં દાખલ થવાના સમાચાર સાંભળીને ખૂબ જ ચિંતા થઈ. તેમના સારા સ્વાસ્થ્ય અને ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરું છું."

આશા ભોસલેનું નામ બોલિવૂડની સૌથી મહાન અને દિગ્ગજ ગાયિકાઓમાં ગણાય છે. ૮ સપ્ટેમ્બર ૧૯૩૩ ના રોજ જન્મેલા આશાજીએ પોતાની શાનદાર કારકિર્દીમાં ૨૦ થી વધુ ભાષાઓમાં ૧૨,૦૦૦ થી વધુ ગીતો ગાયા છે. સંગીતના ઈતિહાસમાં સૌથી વધુ ગીતો રેકોર્ડ કરવાનો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ પણ તેમના જ નામે છે. ભારતનાં બુલબુલ અને ફિલ્મ જગતની સુપરસ્ટાર ગણાતા સ્વરકોકિલા લતા મંગેશકર તેમના મોટા બહેન છે. આશાજીએ પોતાના સુમધુર અવાજ અને અનોખી અદાથી દાયકાઓ સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર એકચક્રી રાજ કર્યું છે અને આજે ૭૦ થી વધુ વર્ષોથી તેઓ ઈન્ડસ્ટ્રીમાં સક્રિય છે.



આશાજીની મ્યુઝિકલ જર્નીની શરૂઆત વર્ષ ૧૯૪૮ માં આવેલી ફિલ્મ "ચુનરિયા" ના ગીત "સાવન આયા હૈ" થી થઈ હતી. ધીમે ધીમે તેમણે પોતાની ગાયકીથી ૨૨૦૦ થી વધુ ફિલ્મોમાં જાદુ પાથર્યો અને એક અંદાજ મુજબ તેમની આખી કારકિર્દીમાં તેમણે લગભગ ૧૬,૦૦૦ જેટલા ગીતો રેકોર્ડ કર્યા છે. તેમણે માત્ર હિન્દી જ નહીં, પરંતુ ગુજરાતી, મરાઠી, બંગાળી, પંજાબી, ભોજપુરી, તમિલ, મલયાલમ, અંગ્રેજી અને રશિયન જેવી અનેક ભાષાઓમાં પોતાનો અવાજ આપ્યો છે. તેમના અંગત જીવનની વાત કરીએ તો, તેમના લગ્ન બોલિવૂડના દિગ્ગજ અને સુપરસ્ટાર સંગીત નિર્દેશક આર.ડી. બર્મન (R.D. Burman) સાથે થયા હતા. આ જોડીએ હિન્દી સિનેમાને અનેક સદાબહાર અને સુપરહિટ ગીતો આપ્યા છે. વર્ષ ૨૦૦૮ માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મ વિભૂષણ થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

### આ એક ઐતિહાસિક ઘટના છે

## અમેરિકાના જાહેર ચોકમાં સ્થાપિત થઈ સ્વામી વિવેકાનંદની કાંસ્ય પ્રતિમા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો ડંકો ફરી એકવાર સાત સમુદ્ર પાર અમેરિકામાં વાગ્યો છે. અમેરિકાના સીએટલ શહેરના ડાઉનટાઉન વિસ્તારના વેસ્ટલેક સ્ક્વેર ખાતે સ્વામી વિવેકાનંદની કાંસ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ એક ઐતિહાસિક ઘટના છે કારણ કે અમેરિકાના કોઈ શહેરમાં સ્વામી વિવેકાનંદનું સ્મારક સ્થાપિત કરવામાં આવ્યું હોય તેવો આ પ્રથમ કિસ્સો છે.

સ્વામી વિવેકાનંદની આ પ્રતિમા સીએટલના પ્રતિષ્ઠિત વેસ્ટલેક સ્કવેર ખાતે મૂકવામાં આવી છે. આ વિસ્તાર શહેરનું મુખ્ય કેન્દ્ર છે, જ્યાં દરરોજ ૪ લાખથી વધુ લોકોની અવરજવર રહે છે. એમેઝોન હેડક્વાર્ટર, સીએટલ કન્વેન્શન સેન્ટર અને મોનોરેલ જેવા મહત્વના સ્થળો આ પ્રતિમાની નજીકમાં જ આવેલા છે. અમેરિકાના કોઈ જાહેર ચોકમાં ભારતીય મહાપુરુષની આટલી ભવ્ય પ્રતિમા મૂકવી એ ભારતીય સંસ્કૃતિનો વિજય માનવામાં આવે છે. ૧૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ આયોજિત આ કાર્યક્રમમાં સીએટલના મેયર કેટી વિલ્સન અને ભારતના કોન્સ્યુલ જનરલ દ્વારા સંયુક્ત રીતે પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે સીએટલના મેયર ઉપરાંત કેન્ટ, ઓબર્ન, ટુકવિલા, નોર્મેન્ડી પાર્ક અને કિર્કલેન્ડ જેવા પડોશી શહેરોના મેયર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બેલેવ્યુ, બોથેલ અને રેડમન્ડ સિટી કાઉન્સિલના સભ્યો તેમજ ભારતીય અમેરિકન સમુદાયના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મેયર કેટી વિલ્સને આ પ્રસંગે જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદનું આ સ્મારક સીએટલની સર્વસમાવેશક ભાવનાનું પ્રતિક છે અને તેનાથી ભારત અને અમેરિકા વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો વધુ મજબૂત થશે.

સ્વામી વિવેકાનંદની આ પ્રતિમા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિલેશન્સ (ICCR) દ્વારા સીએટલ શહેરને ભેટ તરીકે આપવામાં આવી છે. ICCR દિવસની ઉજવણીના ભાગરૂપે આ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ ભારતની સાંસ્કૃતિક કૂટનીતિને વેગ આપવાનો અને લોકો વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવાનો છે.

આ પ્રતિમાનું નિર્માણ ભારતના વિખ્યાત શિલ્પકાર નરેશ કુમાર કુમાવત દ્વારા કરવામાં આવ્યું છે. જેમણે વિશ્વના ૮૦થી વધુ દેશોમાં ૬૦૦થી વધુ પ્રતિમાઓ બનાવી છે. ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદે ૧૮૯૩માં શિકાગોની ધર્મ સંસદમાં વેદાંત અને યોગનો પરિચય પશ્ચિમી દેશોને કરાવ્યો હતો, અને હવે સીએટલના હૃદયમાં તેમની પ્રતિમા પ્રવાસીઓ માટે પ્રેરણાનું કેન્દ્ર બનશે. આ સ્મારક ભારતની સાંસ્કૃતિક રાજદ્વારી પહેલનો એક ભાગ છે, જે લોકો વચ્ચેના જોડાણને વધારશે.

### ભાજપે સોંપી જવાબદારી

## બિહારના નવા મુખ્યમંત્રીની જાહેરાત શિવરાજસિંહ ચૌહાણ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા ઘણા સમયથી બિહારના રાજકારણમાં ઉથલપાથલ જોવા મળી છે. રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારા રાજ્યસભામાં શપથ લઈ લીધા છે, ત્યારે હવે બિહારમાં નવા મુખ્યમંત્રીનું નામ જાહેર કરાવની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને બિહારના નવા સીએમના નામ પર મહોર મારવાની જવાબદારી સોંપાઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભારતીય જનતા પાર્ટીએ શિવરાજ સિંહ ચૌહાણને બિહારમાં પર્યવેશન બનાવ્યા છે. ભાજપ મહાસચિવ અરૂણ સિંહ દ્વારા જાહેર કરાયેલ પ્રેસ રિલીઝમાં આ માહિતી અપાઈ છે. જોકે વિધાયક દળની બેઠક ક્યારે યોજાશે અને નવા મુખ્યમંત્રીનું નામ ક્યારે જાહેર કરાશે, તે અંગેની કોઈપણ તારીખ જાહેર કરાઈ નથી. બીજીતરફ એવી માહિતી સામે આવી છે કે, ૧૪ એપ્રિલે નીતિશ કેબિનેટની છેલ્લી બેઠક યોજાવાની સંભાવના છે.

ત્યારબાદ નવા મુખ્યમંત્રીના નામ પર મહોર મારવામાં આવશે. બિહાર સરકારના સત્તાવાર પત્ર મુજબ, ૧૪ એપ્રિલે સવારે ૧૧ કલાકે મુખ્ય સચિવાલયમાં મંત્રીમંડળ ગૃહમાં કેબિનેટની બેઠક બોલાવાઈ છે. રિપોર્ટ મુજબ મુખ્યમંત્રી નીતિશ કુમાર કેબિનેટની બેઠક પહેલા બાબા સાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવા જશે, ત્યારપછી યોજાનારી કેબિનેટને ખૂબ જ મહત્ત્વની માનવામાં આવી રહી છે, કારણ કે એવી અટકળો છે કે, આ બેઠક નીતિશ કુમારના કાર્યકાળની અંતિમ બેઠક હોઈ શકે છે.



